# ડીસા નગરપાલિકા ભાજપના નગર પ્રમુખ વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્ત

## માત્ર છ માસના ગાળામાં કોંગ્રેસે અપક્ષોના ટેકા વડે સત્તાધારી પક્ષને આપેલ આંચકો : વિકાસ અને પ્રશ્નોના ઉકેલમાં નિષ્ફળ રહ્યા હોવાનો આક્ષેપ


ડીસા, તા.૫

ડીસા નગરપાલિકામાંઅઢી વર્ષના શાસન પછી ભાજપે અપક્ષના ટેકાથી સત્તા હાંસલ કરી હતી પરંતુ માત્ર ૬ માસના ટુંકા ગાળામાં જ નગર પ્રમુખ વિરુદ્ધ કોંગ્રેસના ૪ અને અપક્ષના ૯ સભ્યો મળીને કુલ ૧૩ સભ્યોએ અવિશ્વાસની દરખાસ્ત લાવતા પ્રમુખની ખુરશી હાલક ડોલક થવા લાગી છે.

ડીસા નગરપાલિકાની સામાન્ય ચૂંટણીઓ બાદ કોંગ્રેસના વિપુલ શાહે પ્રમુખ તરીકે હોદ્દો સંભાળ્યો હતો. અઢી વર્ષના તેમના શાસન બાદ ભાજપના ડૉ. તેજલબેન પટેલે અપક્ષના ટેકા વડે બહુમતીથી પ્રમુખની ખુરશી હાંસલ કરી હતી. પરંતુ માત્ર છ માસના સમયગાળા બાદ ફરી અપક્ષોના ટેકા વડે કોંગ્રેસે તેમની સામે અવિશ્વાસની દરખાસ્ત દાખલ કરતા મહિલા પ્રમુખની ખુરશી હાલકડોલક થઈ જવા પામી છે. કોંગ્રેસી પૂર્વ પ્રમુખ વિપુલ શાહે ભાજપના પાલિકા પ્રમુખ ડૉ. તેજલબેન પટેલ અને ઉપપ્રમુખ નિલેશ ઠક્કર નગરજનોને ભૌતિક સુવિધાઓ આપવામા સદંતર નિષ્ફળ નિવડયા હોવાનો આક્ષેપ કરી અપક્ષોના સહકાર વડે ૧૩ સભ્યોના ટેકાથી અવિશ્વાસની દરખાસ્ત દાખલ કરી ખળભળાટ મચાવી દીધો છે. સત્તાધારી ભાજપ પક્ષમાં જાણે ભૂકંપ સર્જાયો હોય તેમ પ્રમુખ તથા ઉપપ્રમુખે પોતાની ખુરશી બચાવવા દોડધામ વધારી મુકી છે. સત્તાની આ સાઠમારીનો ખેલ તેની પરાકાષ્ઠા બતાવતા સમગ્ર મામલો શહેરમાં ટોક ઓફ ધ ટાઉન બનવા પામેલ છે.



ધાનેરામાં ઔદિચ્ય સહસ્ત્ર બ્રહ્મસમાજના સહયોગથી જોષી યુથ ક્લબ દ્વારા ત્ર્યંબેકેશ્વર મહાદેવ ખાતે જોષી યુથ ક્લબ દ્વારા કરાયેલા યોગ શિબિરમાં ધાનેરાના પ્રજાજનો યોગ કરી આનંદીત થઈ ઉઠ્યા છે. (તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)



### આખરે પાસ કઢાવવાની મુશ્કેલીમાંથી વિદ્યાર્થીઓને છુટકારો મળ્યો

પાલનપુર સેન્ટ્રલ બસ સ્ટેશનને દિવાળી વેકેશન બાદ શાળાઓ ખુલતા વિદ્યાર્થીઓને પાસ કઢાવવા લાંબી કતારો લગાવવી પડતી હતી. જે પાસનું કાઉન્ટર હવે કોલેજ ખાતે કાર્યરત કરતા વિદ્યાર્થીઓ આનંદિત થઈ ઉઠ્યા છે. પાલનપુર સેન્ટ્રલ બસ સ્ટેશન હોવા છતા પણ વિદ્યાર્થી પાસ માટે એક જ કાઉન્ટર ખોલવામાં આવ્યું હતું. જેનાથી વિદ્યાર્થીઓનો એક દિવસ પૂરો સ્ટેશનમાં જ કાઢવો પડતો હતો. આ અંગે શહેર યુવા ભાજપ દ્વારા આવેદન પત્ર આપ્યા બાદ વિદ્યાર્થીઓને હવે મુશ્કેલીનો સામનો કરવો પડશે નહિ. અને વિદ્યાર્થીઓને મોદી કોલેજ ખાતેથી પાસ કઢાવી શકવાથી વિદ્યાર્થીઓ હરખાયા છે. (તસવીર : હરેશ જી. જોષી, પાલનપુર)

### ધાનેરામાં પરપ્રાંતિય કારીગરોની નોંધણી નહીં કરાવતા પોલીસ કાર્યવાહી

ધાનેરા, તા.૫

ધાનેરા તાલુકાના ધાખા ખાતે છેલ્લા ઘણા સમયથી સુરેશભાઈ અનાભાઈ પટેલ સીસું ગાળવાનો વ્યવસાય કરી રહ્યા છે. તેમને ત્યાં પર પ્રાંતિય મજૂરો સીસું ગાળવાનું કામ કરે છે.

પોલીસ ખાતાના જાહેરનામા મુજબ પર પ્રાંતિય કારીગરોની નોધણી પોલીસ સ્ટેશને કરાવવાની હોય છે. પરંતુ સુરેશભાઈ દ્વારા આ કારીગરોની નોંધણી ના કરાવેલ હોય પોલીસે દરોડો પાડી જાહેરનામાના ભંગનો ગુનો દાખલ કરી કારીગરો અને કામે રાખનાર પર કડક કાર્યવાહી હાથ ધરતા પર પ્રાંતિઓને કામે રાખનારાઓમાં ફફડાટની લાગણી ફેલાવા પામેલ છે.

# મહેસાણામાં પોલીસ કર્મચારીના ઘરનું તાળુ તોડીને તસ્કરો પોણા લાખના દાગીના ચોરી ગયા

## દીકરીના લગ્ન હોવાથી સાડીઓ ખરીદવા સુરત ગયાને ચોરો હાથફેરો કરી ગયા

મહેસાણા, તા. ૫

મહેસાણા શહેર સહિત સમગ્ર જિલ્લામાં છાશવારે ચોરી તસ્કરીના બનાવો બનવાથી પ્રજામાં ભયની લાગણી ફેલાવા પામી છે. વારંવાર નાની-મોટી ઘરફોડ ચોરીઓ, વાહનચોરીઓ, ઢોર ચોરી અને લૂંટના ગુનાઓનું પ્રમાણ ભયજનક રીતે વધી ગયું છે. તાજેતરમાં પોલીસને પડકાર ફેંકતા હોય તેવી રીતે તસ્કરોએ એક પોલીસ કર્મચારીના ઘરમાં જ મકાનનું તાળુ તોડી અંદરથી પોણા લાખ રૂપિયાની કિંમતના સોના-ચાંદીના દાગીનાની ઉઠાંતરી કરેલ છે. આ ઘટનાથી પોલીસ બેડામાં પણ ચિંતાનું મોજુ ફેલાઈ જવા પામ્યું છે.

ગાંધીનગર જિલ્લાના નંદાસણ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારી નરેશભાઈ મોહનભાઈ રાણા મહેસાણામાં સોમનાથ રોડ પર આવેલી ગજાનંદ સોસાયટીમાં પોતાના પરિવાર સાથે રહે છે. નરેશભાઈની દીકરીના લગ્ન હોઈ તેઓ સાડીઓ ખરીદવા સુરત ગયા હતા. આ દરમ્યાન દિવસ કે રાત્રીના સમયે તસ્કરોએ આ બંધ મકાનના દરવાજાનું તાળુ તોડી અંદર પ્રવેશ કરી લોખંડની તિજોરી તોડી નાંખી હતી. આ તિજોરીમાંથી તેમણે રૂપિયા ૭૫૦૦૦ ની કિંમતના સોના-ચાંદીના દાગીના ચોરી પલાયન થઈ જવા પામ્યા હતા. પોલીસ કર્મચારીના ઘરને ટાર્ગેટ બનાવી ચોરી કરાતા આસપાસના વિસ્તારમાં ભયની લાગણી ફેલાવા પામી છે. ડીવીઝનલ પોલીસે આ બાબતે ઘરફોડ ચોરીનો ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. પોલીસના ઘર જ સલામત ના હોય તો સામાન્ય નાગરિકોના ઘર-મિલ્કતની સલામતીની કેટલી આશા રાખી શકાય તેવુ લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

# ૮૨ ટકા પરિવારે સબસીડી આધાર રજુ કરવો હજુ બાકી

## ગુજરાતમાં કુલ ૬૦.૬૫ લાખ ગેસ કનેક્શન ધારકોમાંથી માત્ર ૧૮ ટકા લોકોએ જ આધાર કાર્ડ રજુ કર્યા : રિપોર્ટ

અમદાવાદ, તા.૦૫

આગામી નવ વર્ષની શરૂઆત સાથે જ રાંધણગેસ ઉપર મળનારી રૂપિયા ૪૨૦ની સબસીડી સીધી જ લોકોના બેન્ક ખાતામાં જમા કરવાના લેવાયેલા નિર્ણયને લઈને ગુજરાતમાં ભારે સંઘર્ષમય સ્થિતિ સર્જાય તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે. આ યોજના લાગુ થવાને માંડ ૨૫ દિવસ જ બાકી છે તેવી સ્થિતિ વચ્ચે બહાર આવી રહેલા આંકડા અનુસાર રાજ્યનાં કુલ ૬૦.૬૫ લાખ ગેસ કનેક્શન ધારકોમાંથી ફક્ત ૧૮ ટકા જેટલા લોકોએ જ આધારકાર્ડ રજુ કર્યા છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ કેન્દ્ર સરકારની ડીબીટીએલ યોજના અંતર્ગત આગામી તા. ૧ જાન્યુઆરીથી રાંધણગેસના બાટલા ઉપર આપવામાં આવતી સબસીડી સીધી જ ગ્રાહકોના બેન્ક ખાતામાં જમા કરવામાં આવશે. જેના માટે લોકોએ ગેસ એજન્સી અને બેન્ક ખાતામાં આધારકાર્ડની વિગતો આપવી ફરજીયાત છે. પરંતુ ગુજરાતમાં આધારકાર્ડની નબળી કામગીરીનો ભોગ લોકો બનશે. મળતી વિગતો અનુસાર રાજ્યમાં ૬૦.૬૫ લાખ ગેસ કનેક્શન ધારકોમાંથી ફક્ત ૧૮ ટકા જેટલા લોકોએ જ આધારકાર્ડ રજુ કર્યા છે એટલે કે ૮૨ ટકા લોકો લોકો આધારકાર્ડની વિગતો આપવામાં બાકી છે. જો કે તંત્રની આ સત્તાવાર આંકડાકીય માયાજાળની સામે વાસ્તવિક સ્થિતિ કંઈક અલગ પણ હોઈ શકે છે. જેથી કરીને આગામી દિવસોમાં લોકોએ રાંધણગેસની સબસીડી મેળવવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડશે.

# વિદ્યાર્થીઓની પ્રવેશ પ્રક્રિયા મામલે સરકાર ગંભીર નથી

## ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછી ઈજનેરી-ફાર્મસીમાં પ્રવેશ માટે કોમન મેરીટ લીસ્ટ તૈયાર કરવામાં સરકાર ઉદાસીન

અમદાવાદ, તા.૦૫

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા મનીષ દોશીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછી પ્રવેશ માટે ઈજનેરીના ૬૫૦૦૦ બેઠકો અને ફાર્મસીની ૫૨૦૦ બેઠકો માટે વિદ્યાર્થી વાલીઓ પ્રવેશ પ્રક્રિયા લઈને અતિ ગંભીર અને સતત ચિંતીત હોય છે પણ ગુજરાત સરકાર વિદ્યાર્થીઓના પ્રવેશ સમયે જ નિયમોમાં અનેક વિસંગતતા ઉભી કરને વિદ્યાર્થી -વાલીઓને પરેશાનીમાં મુકી દે છે. ગુજરાત સરકારે તા. ૬-૬-૧૩ના ગુજરાત બોર્ડ અને યબોર્ડના વિદ્યાર્થીઓની કોમન મેરીટ યાદી તૈયાર કરી પ્રવેશ આપવા સંદર્ભે તેની અસરોના અભ્યાસ અંગે અહેવાલ આપવા અન્વયેની સમિતિની રચના બાદ ત્રણ માસમાં જ અહેવાલ આપવા જણાવાયું હતું પરંતુ આ સમિતિની માત્ર અત્યાર સુધી એક જ ઔપચારીક બેઠક મળી છે આ સમિતિએ અહેવાલ આપવાને બદલે બીજી અન્ય પેટા સમિતિ બનાવીને હાથ અધ્ધર કરી દીધા છે. ગુજરાતના ઈજનેરી ફાર્મસી માટે પ્રવેશ ઈચ્છુક ૭૫૦૦૦ કરતા વધું વિદ્યાર્થીઓ માટે રાજ્ય સરકાર ગંભીર નથી. સરકારના વર્ષ ૨૦૧૩ના પ્રવેશ સમયે ગુજરાત બોર્ડ અને અન્ય બોર્ડના કોમન મેરીટના કારણે ૧૪૫૦૦ કરતાં વધુ વિદ્યાર્થીઓને પસંદગીની વિદ્યાશાખા, કોલેજ અને સ્થળ સહિતના ફેરાફેરોની અસર થઈ હતી. જેઈઈ મેઈન પરિક્ષામાં બેસેલ કુલ વિદ્યાર્થીઓમાં સેન્ટ્રલ બોર્ડના ૨૧.૭૨ ટકા, આઈએસસીઈના ૧૫ ટકા અને ગુજરાત બોર્ડના ૧૩.૫ ટકા વિદ્યાર્થીઓ એલીજીબલ થયા તા. ગુજરાત બોર્ડ અને અન્ય બોર્ડના મેરીટ લીસ્ટ અંગે વડી અદાલતે વિદ્યાર્થીઓ તરફી ચુકાદો આપી સમગ્ર પ્રક્રિયા સરળ અને પારદર્શક ગુજરાત સરકારને જણાવ્યું હતું જે અંગે સર્વોચ્ચ અદાલત દ્વારા જે તે સમયે પ્રવેશ પ્રક્રિયા ધ્યાને લઈ સ્ટે આપ્યો હતો જે હાલ સર્વોચ્ચ અદાલતમાં અનિર્ણિત છે.

ડો. મનીષ દોશીએ વધુમાં જણાવ્યું હતું કે ગુજરાત સરકારના ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછીના અભ્યાસક્રમો માટે ઈજનેરી માટે એક નીતી નિયમો અને મેડીકલ પેરામેડીકલ માટે અલગ નીતિ નિયમો આવી વિસંગતતા ફક્તને ફક્ત ગુજરાત સરકાર જ ભેટ આપી શકે જેના પરિણામે વિદ્યાર્થી વાલીઓના સમય અને નાણાં વેડફાયા છે.






### ડીસામાં મોબાઈલની દુકાનમાં વેપારીને માર મારી લુંટ ચલાવી

ડીસા, તા.૫

ડીસા શહેરમાં છેલ્લા ઘણા સમયથી અસામાજિક પ્રવૃત્તિઓ વકરી રહી છે. તાજેતરમાં બનેલા એક બનાવે સમગ્ર પંથકમાં ચકચાર જગાવી છે. ડીસા બસ સ્ટેન્ડમાં આવેલી એક મોબાઈલની દુકાને સાંજે ૮ વાગ્યાના સુમારે બાઈક પર આવેલા અજાણ્યા ઈસમોએ વેપારીને માર મારી દુકાનમાં તોડ ફોડ કરી લુંટ મચાવતા ઉત્તેજના પ્રસરી જવા પામી છે. માત્ર સાંજના ૮ વાગ્યાના સુમારે જ આવી ઘટના બનતા પ્રજાજનોમાં રોષ તથા ભયની લાગણી ફેલાવા પામી છે. નવા બસ સ્ટેન્ડમાં આવેલ દુકાનદાર ખુશાલભાઈ ધરમજીભાઈ માળી (રહે. ધુળીયાકોટ)ને લાકડીઓ અને તલવાર વડે માર માર્યો હતો. તેમજ તેમની દુકાનમાં તોડફોડ કરી લુંટ ચલાવી હતી. આ અસામાજિક તત્વોના આતંકથી વેપારી આલમમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. વારંવાર થતી મારામારી અને લૂંટ સહિતના ગુનાઓએ માઝા મુકતા ડીસાના પ્રજાજનો ત્રસ્ત બની ગયા છે. ઉપરોક્ત ઘટના અંગે ખુશાલભાઈ માળીએ ડીસા ઉત્તર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે. (તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)



ઈડરની યુનિક યુ ઈન્ટરનેશનલ સ્કૂલના બાળકોમાં આંતરરાષ્ટ્રીય અભિગમ કેળવવાના હેતુસર બ્રીટીશ કાઉન્સીલ દ્વારા ઈન્ટરનેશનલ સ્કૂલ એવોર્ડ કાર્યક્રમમાં બ્રાઝીલની ભાષા અને સંસ્કૃતિને જાણ્યા અને શીખ્યા હતા. આ કાર્યક્રમ બ્રાઝીલ વીક દરમિયાન આયોજિત કરવામાં આવ્યો હતો. (તસવીર : જીતેન્દ્ર પટેલ)

# આધારકાર્ડના નબળી કામથી લોકો પરેશાન

અમદાવાદ, તા.૦૫

આજ સુધી આધારકાર્ડની કામગીરી કોઈપણ જગ્યાએ ગંભીરતાથી કરવામાં આવી નથી. વિવિધ સેન્ટરો ઉપર કલાકો સુધી લાઈનમાં ઉભા રહ્યા છતાં લોકોને આધારકાર્ડ માટેનો વારો આવ્યો નથી. કેટલાક વિસ્તારોમાં લોકોને આધારકાર્ડ કઢાવવા માટેની કોઈ વ્યવસ્થા જ રાખવામાં આવી નથી. અમુક જગ્યાએ એકાદ અઠવાડીયામાં આટોપી લેવાયેલી પ્રક્રિયાના કારણે અનેક લોકો આધારકાર્ડ મેળવી શક્યા નથી. બાકી રહી ગયેલા લોકોએ આધારકાર્ડ ક્યાં કઢાવવા તેની કોઈ જાણ તંત્ર દ્વારા કરવામાં આવી નથી.લોકોમાંથી મળતી ફરીયાદો અનુસાર પાંચ-છ મહિના પહેલા આધારકાર્ડની પ્રક્રિયા પુરી કરી લીધી હોવા છતાં હજુ સુધી આધારકાર્ડ મળ્યા નથી. આવા લોકોની સંખ્યા હજારોમાં થવા જાય છે. વચ્ચેના કેટલાક સમયગાળામાં થયેલી પ્રક્રિયામાં હજુ સુધી કોઈના આધારકાર્ડ આવ્યા નથી. ત્યારે એજન્સીઓની ભૂલો અને બેદરકારીને લીધે આવા લોકોની સ્થિતિ સુડી વચ્ચે સોપારી જેવી થઈ ગઈ છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન